सत्यमेव जयते

**Ministry of Corporate Affairs**
**Government of India**

**કોર્પોરેટ બાબતોનું મંત્રાલય**
**ભારત સરકાર**

# મૂડીબજાર અંગે રોકાણકારની સંક્ષિપ્ત માર્ગદર્શિકા

તંત્રી
**પૃથ્વી હલ્દીઆ**
પ્રાઈમ ડેટાબેઝ

**રોકાણકાર શિક્ષણ અને સલામતી ભંડોળના**
ઉપક્રમ હેઠળ
જૂન ૨૦૧૦



**સલમાન ખુર્શીદ**
રાજ્યકક્ષાના પ્રધાન (સ્વતંત્ર અખત્યાર)
કોર્પોરેટ બાબતોનું મંત્રાલય, ભારત સરકાર

''વર્તમાન વર્ષ દરમિયાન મૂડીરોકાણકાર જાગૃતિ કાર્યક્રમને રાષ્ટ્રીય કાર્યક્રમ તરીકે મુખ્ય ધારામાં લાવવાનો નિર્ણય કોર્પોરેટ બાબતોના મંત્રાલયે લીધો છે. આ હેતુસર, અમે સંખ્યાબંધ સંસ્થાઓ સાથે સહયોગ કર્યો છે, જે આ વર્ષે દેશભરમાં ૩૦૦૦થી વધુ રોકાણકાર કાર્યક્રમોનું આયોજન કરશે. અમે 'માહિતગાર રોકાણકાર-કોર્પોરેટ ભારતની અસ્ક્યામત'ના વિચાર સાથે જુલાઈ ૨૦૧૦ દરમિયાન 'ભારતીય રોકાણકાર સપ્તાહ'નું આયોજન પણ કરી રહ્યા છીએ. આ પ્રસંગે મંત્રાલય વિસ્તૃત રોકાણકાર માર્ગદર્શિકાનું પ્રકાશન કરી રહ્યું છે. આ માર્ગદર્શિકા રોકાણકારના અધિકારો અને ફરજો તેમ જ વિવિધ મૂડીરોકાણનાં સાધનો, તેમની સાથે સંકળાયેલાં જોખમ અને વળતર અંગે સમજવામાં મદદ કરશે. મને ખાતરી છે કે આ પુસ્તિકાનું પ્રકાશન રોકાણકાર સંબંધિત મુદ્દાઓ અંગે જાગૃતિ ફેલાવવામાં મહત્ત્વનું પગલું બની રહેશે અને આમ આદમીને દેશના કોર્પોરેટ ક્ષેત્ર સાથે સાંકળવામાં મદદરૂપ થશે''.



**આર. બંદોપાધ્યાય**
સચિવ
કોર્પોરેટ બાબતોનું મંત્રાલય,
ભારત સરકાર

‘‘રોકાણકાર શિક્ષણ અને જાગૃતિ કાર્યક્રમને વ્યાપક ઝુંબેશમાં ફેરવવાના ધ્યેય સાથે કોર્પોરેટ બાબતોના મંત્રાલયે આ પહેલને મોટા પાયે આગળ લઈ જવાનો અને આ ક્ષેત્રમાં સંખ્યાબંધ સંસ્થાઓને સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાવ સરળ રીતે રોકાણકારોને શિક્ષિત કરવા મંત્રાલયે વિવિધ રોકાણ સાધનો (ઈન્સ્ટ્રુમેન્ટ્સ) અને તે દરેક સાથે સંકળાયેલા અધિકારો અને જવાબદારીઓ અંગેની સ્પષ્ટ માહિતી પૂરી પાડે એવું પુસ્તક બહાર પાડવાનું નક્કી કર્યું છે.  આ પુસ્તકનું પ્રકાશન મોટી સંખ્યામાં આમ આદમીને કોર્પોરેટ અર્થતંત્રમાં સહભાગી થવાનું ઉત્તેજન પૂરું પાડવામાં સહાયરૂપ થશે. દેશના સર્વગ્રાહી વિકાસમાં કોર્પોરેટ બાબતોના મંત્રાલયનું આ નાનું સરખું યોગદાન બની રહેશે. મને ખાતરી છે કે વિશાળ સંખ્યામાં વર્તમાન અને ભાવિ રોકાણકારો આ પુસ્તકમાંની માહિતીથી લાભ પામશે, જેનું આ વિષયના જાણીતા નિષ્ણાત શ્રી પૃથ્વી હલ્દીઆ દ્વારા સંપાદન કરવામાં આવ્યું છે.’’

# ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ(આઈઈપીએફ)

ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (આઈઈપીએફ)ની સ્થાપના રોકાણકારોમાં જાગૃતિ લાવવા અને રોકાણકારોનાં હિતોના રક્ષણ માટે કંપનીઝ એક્ટ, ૧૯૫૬ હેઠળ કરવામાં આવી છે.

આઈઈપીએફ દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓમાં પરિસંવાદો અને મીડિયા દ્વારા રોકાણકારોને શિક્ષિત કરવા અને જાગૃતિ ફેલાવવી તેમ જ રોકાણકારોના શિક્ષણ, જાગૃતિ અને રક્ષણ સંબંધિત પ્રોજેક્ટો માટે નાણાંની જોગવાઈ કરવાનો સમાવેશ થાય છે. આ હેતુસર આઈઈપીએફએ ત્રણ વેબસાઈટ્સ પણ પ્રાયોજિત કરી છે.

## આઈઈપીએફની રોકાણકાર સંબંધિત વેબસાઈટ્સ

### Iepf.gov.in

આ વેબસાઈટ મૂડીબજારનાં તમામ પાસાં અંગે નાના રોકાણકારો માટે માહિતી સ્રોતની જરૂરિયાત પૂર્ણ કરે છે અને તે નાના રોકાણકારોની ભાષામાં આ કાર્ય કરે છે.

આ વેબસાઈટ હાલ આઈપીઓ રોકાણ, મ્યુચ્યુઅલ ફંડ રોકાણ, સ્ટોક ટ્રેડિંગ, ડિપોઝિટરી ખાતું, ઋણ બજાર, ડેરિવેટિવ્ઝ, ઈન્ડાયસીસ, રોકાણકાર ફરિયાદ અને લવાદ (સ્ટોક એક્સચેન્જીસ), રોકાણકાર અધિકાર અને જવાબદારી, શું કરવું અને શું ન કરવું ઈત્યાદિ માહિતી આવરી લે છે.

આ વેબસાઈટ હમણાં અંગ્રેજી અને હિંદી તેમ જ ૧૨ મુખ્ય પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ છે.

### Watchoutinvestor.com

છેતરપિંડી સામે રક્ષણનો સૌથી શ્રેષ્ઠ ઉપાય છે સ્વરક્ષણ. આ પ્રકારની વિશ્વની આ પ્રથમ નિઃશુલ્ક જાહેર સેવા છે, જે રોકાણકારને સ્વરક્ષણ માટે સજ્જ કરે છે કે, જેથી રોકાણકારો છેતરપિંડી કરનારી / અનુપાલન ન કરનારી કંપનીઓ, મધ્યસ્થીઓ અને વ્યક્તિઓ સામે રક્ષણ મેળવી શકે. આ વેબસાઈટ હવે આ પ્રકારની હસ્તીઓની રાષ્ટ્રીય વેબ-આધારિત રજિસ્ટ્રી છે.

Watchoutinvestor.com રોકાણકારને ઝડપી, સક્ષમ અને મૈત્રીપૂર્ણ રીતે સર્ચ કરવા સમર્થ બનાવે છે અને આ પ્રકારની હસ્તીઓ / વ્યક્તિઓ અંગેની માહિતી પૂરી પાડે છે, જેનો ઉપયોગ તેઓ કોઈ નવું મૂડીરોકાણ કરતાં પહેલાં અને તેમના પોર્ટફોલિયો સાથે આ પ્રકારની હસ્તીઓની સમીક્ષા માટે કરી શકે છે.

૩૧ મે, ૨૦૧૦ સુધીમાં વેબસાઈટે દોષી / અનુપાલન ન કરનારી ૧,૦૬,૦૦૦થી અધિક હસ્તીઓને યાદીમાં આવરી લીધી છે, જેમાં

૭૨,૫૧૭ કંપનીઓ અને ૩૩,૯૪૭ વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

આ યાદી બીએસઈ, સીડીએસએલ, સીએલબી, ડીઆરટી, ઈપીએફઓ, આઈઆરડીએ, એમસીએ, એનએચબી, એનએસડીએલ, એનએસઈ, આરબીઆઈ, આરઓસી અને સેબી સહિતની કેટલીક નિયામક સંસ્થાઓ દ્વારા પસાર કરાયેલા આદેશ સંબંધિત છે.

Watchoutinvestor.com નો ઉપયોગ લાખો રોકાણકારો દ્વારા થઈ રહ્યો છે (૩૧ મે, ૨૦૧૦ની આંકડાકીય માહિતી મુજબ ૨૭ લાખથી વધુ).

**Investorhelpline.in**

રોકાણકારો દ્વારા વિવિધ સત્તાવાળાઓ જેવા કે કંપની બાબતોના મંત્રાલય, કંપની રજિસ્ટ્રાર (આરઓસી), સેબી અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને કરાતી ફરિયાદોને એક છત્ર હેઠળ આવરી લેતી આ સમર્પિત નિઃશુલ્ક વેબસાઈટ છે. કંપનીઓ અને સંબંધિત નિયામકો બંને સાથે સમસ્યાઓનો ઉકેલ લાવવા વેબસાઈટ દ્વારા ફરિયાદ હાથ ધરવામાં આવે છે.

રોકાણકારો મૂડીબજાર અને કંપની ડિપોઝિટ્સ સંબંધિત તેમની ફરિયાદો સરળ એવા ફોર્મમાં લોગ-ઈન કરી શકે છે અને તેમની ફરિયાદનો હલ ક્યાં સુધી પહોંચ્યો તેની માહિતી ઓનલાઈન મેળવી શકે છે.

મોટી સંખ્યામાં રોકાણકારો આ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા છે.

---

**પ્રકરણ-૨**

# તંત્રીના ૨૦ મંત્ર

**વિવેકપૂર્વક બચત કરો...**
**એનાથીય વધુ શાણપણથી રોકાણ કરો**

**રોકાણ કરવું**

- રોકાણ કરવું એ ફરજિયાત છે.
- તમારે રોકાણ કરવું જ જોઈએ, નહીં તો તમારી બચતનું મૂલ્ય / ખરીદશક્તિ ઘટી જશે.
- જોકે, અવિચારી અથવા આડેધડ મૂડીરોકાણ સંપત્તિ માટે જોખમકારક છે.

**શાણપણયુક્ત રોકાણના ૨૦ મંત્ર**

**મંત્ર ૧**

**મૂળભૂત રીતે મજબૂત હોય એવી કંપનીઓમાં જ રોકાણ કરો.**

- બહુ મોંઘા કે સસ્તા શેરો પાછળ ન દોડો.

- મજબૂત ફંડામેન્ટલ્સ ધરાવતી હોય એવી કંપનીઓમાં જ રોકાણ કરો. આ એ કંપનીઓ છે, જે બજારના દબાણ સામે ટકી રહેશે અને લાંબા ગાળે સારો દેખાવ કરશે.
- ઈક્વિટી મૂડીરોકાણ કંપની / પ્રમોટરોને પાછું વેચી શકાતું નથી.
- મજબૂત શેરો તરલ શેરો પણ હોય છે.

**મંત્ર ૨**

**ધ્યાનપૂર્વક વાંચો**

- કઠોર પરિશ્રમથી મેળવેલાં તમારાં નાણાં જુગારમાં ઉડાવી ન દો.
- યોગ્ય ચકાસણી જરૂરી છે.
- ઓફર અંગે વાંચો. હવે ૧૦૦૦થી પણ વધુ પાનાં ધરાવતા ઓફર દસ્તાવેજો માટે આ સલાહનો અમલ અઘરો છે. ટૂંકાવેલા (સંક્ષિપ્ત) પ્રોસ્પેક્ટ્સ પણ વાંચવાનું મુશ્કેલ છે. છતાં તમારે વાંચવું જ જોઈએ. નહીં તો છેવટે તમારે કમ સે કમ જોખમનાં પરિબળો, કાયદાઓ, પ્રમોટરો, કંપનીના ઈતિહાસ, પ્રોજેક્ટ, ઈશ્યુના ઉદ્દેશો અને મહત્ત્વની નાણાકીય માહિતી અંગે તો વાંચવું જ રહ્યું.

**મંત્ર ૩**

**મૂડીરોકાણ કરવામાં જીવનચક્રને અનુસરો**

- તમે યુવાન હો ત્યારે મોટાં-વધુ જોખમો લેવાનું તમને પરવડી શકે.
- તમે ૫૦ની ઉંમર વટાવો એટલે જોખમી સાધનોમાંથી બહાર આવવાનું શરૂ કરી દો.
- ૫૫/૬૦ની ઉંમર સુધીમાં તમારે ઈક્વિટીમાંથી પૂર્ણતઃ બહાર આવી જવું જોઈએ (તમે નવાં નાણાં કમાવવાનું બંધ કરી દીધું હોય ત્યારે તમારી મૂડી ગુમાવવાનું તમને પોસાય નહીં). ટીવી પર શેરના ભાવોનું ટીકર જોવા કરતાં એ ઉંમરે જીવનમાં વધુ સારી પ્રવૃત્તિઓ કરી શકાય છે.

**મંત્ર ૪**

**આઈપીઓમાં મૂડીરોકાણ કરો**

- આઈપીઓ મૂડીબજારમાં પ્રવેશવાનો સારો માર્ગ છે.

તેજી દરમિયાન લગભગ તમામ આઈપીઓ લિસ્ટિંગના દિવસે હકારાત્મક અને ઘણા કિસ્સામાં ઊંચું વળતર આપે છે. તેમ છતાં જો રોકાણકાર નફો બુક ન કરે તો, કાં તો તે લાલચુ છે અથવા તો કંપની/ઉદ્યોગ/બજાર અંગે ખોટો નિર્ણય લે છે. ત્યાર પછી તેણે આઈપીઓના ભાવનો વાંક ન કાઢવો જોઈએ. યાદ રાખોઃ

- આઈપીઓ ખરીદવાના હોય છે. તે રોકાણકારો પર થોપી દેવાતા નથી.
- સમસ્યા એ છે કે આપણે આઈપીઓને પકડી રાખીએ છીએ અને પછી તે હંમેશ માટે સારી કામગીરી દર્શાવે એવી આશા રાખીએ છીએ. લિસ્ટિંગની તારીખે આઈપીઓ લિસ્ટેડ શેર બની જાય છે. ત્યાર પછી તે એ મુજબ કામગીરી દર્શાવે છે.
- નક્કી કરો કે તમે આઈપીઓમાં રોકાણ કરી રહ્યા છો કે કંપનીમાં. જો આઈપીઓમાં રોકાણ કરતા હો તો લિસ્ટિંગની તારીખે બહાર નીકળી જાઓ. જો કંપનીમાં રોકાણ કરતા હો તો લિસ્ટેડ સ્ટોકમાં હો એવી રીતે રોકાણ જાળવી રાખો.

કોઈ પણ સંજોગોમાં, ક્યુઆઈબી ઓવર સબસ્ક્રિપ્શન મજબૂત હોય તો જ રોકાણ કરો.

અને રોકાણ કરવા આસ્બા (ASBA) પ્રક્રિયાનો ઉપયોગ કરો.

**મંત્ર ૫**

**દરેક પીએસયુ આઈપીઓમાં નિશ્ચિતપણે રોકાણ કરો.**

- અનેક સારા અને નફો કરતા જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ) દ્વારા આઈપીઓ કરાય છે, જેમાં છેતરપિંડીનું જોખમ પણ ખૂબ ઓછું હોય છે.
- રિટેલ (નાના) રોકાણકારો માટે હંમેશા ડિસ્કાઉન્ટ પણ હોય છે.
- લિસ્ટિંગ ભાવથી વ્યથિત ન થાઓ, મૂડીરોકાણ જાળવી રાખો.

**મંત્ર ૬**

**મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરો, પરંતુ યોગ્ય ફંડ અને યોજનાની પસંદગી કરો.**

- ભારતમાં મ્યુચ્યુઅલ ફંડ્સ પર કોર્પોરેટ નાણાંનું વર્ચસ હોય છે અને નાના રોકાણકાર પર તેમનું ધ્યાન ઓછું હોય છે.
- છતાં, નાના રોકાણકારો માટે મ્યુચ્યુઅલ ફંડ્સ બહેતર સાધન છે.
- અહીં ઘણાં બધાં મ્યુચ્યુઅલ ફંડ્સ છે, ઘણી બધી યોજનાઓ છે. યોગ્યની પસંદગી કરો.

**મંત્ર ૭**

**વેચતાં શીખો**

- મોટા ભાગના રોકાણકારો શેરો ખરીદે છે અને પછી માત્ર જાળવી રાખે છે (મીડિયામાં પણ નિષ્ણાતો મોટા ભાગે ખરીદવાની અથવા જાળવી રાખવાની સલાહ આપે છે, વેચવાની સલાહ તો ભાગ્યે જ આપે છે).
- નફો ત્યારે જ નફો હોય છે જ્યારે તે તમારી બેંકમાં હોય છે (નહીં કે તમારા રજિસ્ટર કે એક્સેલ શીટમાં).
- યાદ રહે, તમે બજારના મહત્તમ લાભને અંકે કરી શકતા નથી, જેથી લાલચુ ન બનો.
- નફાનો લક્ષ્યાંક નક્કી કરો અને વેચો.

**મંત્ર ૮**

**માત્ર નોંધાયેલી મધ્યસ્થીઓ સાથે વ્યવહાર કરો.**

- બજારમાં ઘણા અનધિકૃત ઓપરેટરો છે, જેઓ ઊંચા વળતરનાં વચનોથી તમને લોભાવશે અને પછી તમારાં નાણાં સાથે છૂમંતર થઈ જશે.
- રજિસ્ટર્ડ મધ્યસ્થીઓ સાથે કામ કરવાનું વધુ સલામત છે, જેમાં નિયામક કાર્યવાહી માટે અવકાશ રહે છે.

**મંત્ર ૯**

**લાલચ તમને સહજ શિકાર ન બનાવે તેનું ધ્યાન રાખો.**

- તમારી લાલચનો લાભ ઉઠાવવા ઘણા કૌભાંડકારો તમારી આસપાસ ઘૂમતા હોય છે.
- મોટા ભાગનાં કૌભાંડોમાં નાના રોકાણકારો લૂંટાય છે.
- તમારાં નાણાંની રોકાણ માટે માગણી કરતી હસ્તીઓથી સાવધ રહો.

**મંત્ર ૧૦**

**મીડિયાથી અને ખાસ કરીને ઈલેક્ટ્રોનિક મીડિયા પર આવતી શેર્સ અંગેની સલાહથી સાવધ રહો.**

- મૂડીબજારમાં ઘણા બધા 'સંતો' મફતમાં શિખામણ આપે છે.
- વાસ્તવમાં આમાંના ઘણા સલાહકારો સ્થાપિત હિતો ધરાવતા હોય છે.
- એસએમએસ અને ઈ-મેઈલ દ્વારા વેચાતી ધનવાન બનોની યોજનાઓથી પણ સાવચેત રહો.

**મંત્ર ૧૧**

**જાહેરાતોથી ભોળવાઈ ન જાવ.**

- જાહેરખબરનું કામ જ તમને સારું લગાડવાનો હોય છે.
- આકર્ષક મથાળાં, અસરકારક દૃશ્યો, જકડી લેતા સંદેશા દ્વારા દોરવાઈ ન જાઓ.

**મંત્ર ૧૨**

**નિશ્ચિત/ખાતરીબંધ વળતરની યોજનાઓથી સાવધાન રહો.**

- જે કોઈ બેંકના ધિરાણ દરથી ઘણા ઊંચા વળતરની ઓફર કરતા હોય છે તે શંકાસ્પદ ગણાય.
- યાદ કરો, પ્લાન્ટેશન કંપનીઓએ મોટા વળતરનાં વચન (કેટલાક કિસ્સામાં તો પહેલા દિવસે ૫૦ ટકાનું વળતર) આપ્યાં હતાં.

**મંત્ર ૧૩**

**ગ્રે માર્કેટમાં બોલાતાં પ્રીમિયમથી દોરવાઈ ન જાઓ.**

- આ કૃત્રિમ હોય છે અને સામાન્ય રીતે પ્રમોટર જાતે તેનું નિર્માણ કરે છે.

**મંત્ર ૧૪**

**ક્ષેત્રીય ઉન્માદથી અભિભૂત ન થઈ જાઓ.**

- અત્યારે લોજિસ્ટિક્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત ક્ષેત્રોમાં ઉન્માદ છે.
- યાદ રાખો, એક ક્ષેત્રમાંની તમામ કંપની સારી નથી હોતી. દરેક ક્ષેત્રમાં કેટલીક ઘણી સારી કંપનીઓ, કેટલીક સરેરાશ સારી અને કેટલીક અતિ ખરાબ કંપનીઓ હોય છે.
- કોઈ ક્ષેત્રની વર્તમાન ફેન્સીનું પ્રતિબિંબ પડે એ માટે નામ બદલતી કંપનીઓથી પણ સાવચેત રહો.

**મંત્ર ૧૫**

**'સુવિધાજનક' પરિબળો પર વધુ પડતો આધાર ન રાખો, જેમ કે:**

- આઈપીઓ ગ્રેડિંગ
- સ્વતંત્ર ડિરેક્ટર્સ

**મંત્ર ૧૬**

**એકાઉન્ટ ઓડિટ કરેલા છે એટલે માત્ર તેના આધારે આંખો બંધ કરી નિર્ણય ન લો.**

- છેતરામણા હિસાબ અને નાણાકીય પરિણામની ગેરમાર્ગે દોરનારી જાહેરાતોના અનેક કિસ્સાઓ છે. સત્યમ પ્રકરણ આંખ ઉઘાડનારું છે.
- ઓડિટરે જણાવેલા ક્વોલિફિકેશન્સ (અપવાદો) અને એકાઉન્ટ્સ નીચે આપેલી નોંધો વાંચો.

- ખાસ કરીને પાર્ટી ટ્રાન્ઝેક્શન, નાના (છૂટક) દેવાદારો, સબસિડિયરીઝના એકાઉન્ટ સંબંધિત અસામાન્ય એન્ટ્રીઓ જુઓ.

**મંત્ર ૧૭**

**સસ્તા શેરો ખરીદીલાયક હોય એ જરૂરી નથી.**

- ભાવને નહીં , મૂલ્યને પકડો.
- ભાવ નીચા હોઈ શકે, કારણ કે વાસ્તવમાં કંપની સારી રીતે કામગીરી ન કરતી હોય (પરંતુ કંપની/ક્ષેત્ર અંગે વધુ પડતો પ્રચાર તમને કદાચ લલચાવશે).
- કિંમત નીચી હોઈ શકે, કારણ કે મૂળ કિંમતનું વિભાજન કરવામાં આવ્યું હોય છે (૫૦૦થી વધુ કંપનીઓએ તેમના શેરોનું વિભાજન કર્યું છે).

\- આ માટેનો તર્ક એ અપાય છે કે શેરો નાના રોકાણકારોને પરવડે એવા બનાવવા.

\- આ તર્ક માન્ય નથી, કારણ કે ડીમેટમાં વ્યક્તિ એક શેર પણ ખરીદી શકે છે.

\- ખરો હેતુ શેરો સસ્તા છે એમ દેખાડવાનો હોય છે.

\- રૂ.૫૦નો શેરભાવ ધરાવતી કંપનીઓએ પણ તેમના એક શેરને ૧૦ શેરમાં વિભાજિત કરેલા છે.

**મંત્ર ૧૮**

**એવી કંપનીઓથી સાવધ રહો જ્યાં પ્રમોટરો ખુદને શેરો/વોરન્ટ્સ ઈશ્યુ કરે છે.**

- પ્રમોટરોને કરાતી પ્રેફરેન્શિયલ ફાળવણી મોટા ભાગે પ્રમોટરોના લાભ માટે જ હોય છે. (પ્રામાણિક માર્ગ તો રાઈટ ઈશ્યુ હોવો જોઈએ).

**મંત્ર ૧૯**

**કોર્પોરેટ ગવર્નન્સ એવોર્ડ્સ/ સીએસઆરથી ભોળવાઈ ન જાઓ**

- છેતરપિંડી આચરતી કંપનીઓ તેમની કોર્પોરેટ ગવર્નન્સ અને સીએસઆર (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીઝ) પ્રવૃત્તિઓ વધારતી હોય એવી કંપનીઓનું પ્રમાણ બહુ ઊંચું છે.

**અંતિમ મંત્ર ૨૦**

**પ્રામાણિક બનો**

- ખુદને પ્રામાણિક રહો, કારણ કે તો જ તમે પ્રામાણિકતાની માગણી કરી શકો.
- આપણે ઘણા નબળા રોકાણકારો છીએ/ મજબૂત રોકાણકાર સંગઠનો નથી/બધું હળવાશથી લઈએ છીએ.
- મજબૂત ઈન્વેસ્ટર એસોસિયેશન્સ રચવાની/સાથે જોડવાની અને આપણા હક માટે લડવાની જરૂર છે.
- દોષીઓ પાસેથી નાણાં વસૂલવાની માગણી કરવાની જરૂર છે.

## રોકાણકારોના અધિકાર

**કેપિટલ માર્કેટ (મૂડીબજાર)**

કેપિટલ માર્કેટ સિક્યુરિટીઝ (ઈક્વિટી અને ડેટ) માટેનું બજાર છે, જ્યાં કંપનીઓ અને સરકાર

લાંબા ગાળા માટેનું ભંડોળ એકત્ર કરે છે અને સેકન્ડરી કેપિટલ માર્કેટ આ સિક્યુરિટીઝ માટે ટ્રેડિંગ પ્લેટફોર્મ પૂરું પાડે છે. સેબી અને આરબીઆઈ જેવા નિયમનકારો માર્કેટનો વ્યવસ્થિત વિકાસ થાય અને રોકાણકારોનું રક્ષણ થાય એ સુનિશ્ચિત કરવા માટે કેપિટલ માર્કેટનું નિયમન કરે છે અને તેના પર દેખરેખ રાખે છે.

શેરધારકો કંપનીના સાચા માલિકો છે. કંપની સારી કામગીરી બજાવે, ઉત્તમ દેખાવ કરે ત્યારે તેમને ડિવિડંડ અને મૂડીવર્ધન થકી લાભ થાય છે. બીજી તરફ જો કંપની ખરાબ દેખાવ કરે તો તેમના માથે પોતાનું રોકણ આંશિકપણે અથવા સંપૂર્ણપણે ગુમાવવાનું જોખમ રહે છે.

શેરધારક તરીકેના અધિકાર

- ફાળવણી થવા પર શેરો મેળવવા અથવા નિર્ધારિત સમયની અંદર શેરો ખરીદવા.
- બેલેન્સ શીટ, પ્રોફિટ એન્ડ લોસ એકાઉન્ટ તથા ઓડિટરના રિપોર્ટનો સમાવેશ કરતા વાર્ષિક અહેવાલની નકલો મેળવવી.
- યોગ્ય સમયે ડિવિડંડ મેળવવું.
- રાઈટ્સ, બોનસ વગેરે જેવા મંજૂર કરાયેલા કોર્પોરેટ લાભો મેળવવા
- ટેકઓવર, ડિલિસ્ટિંગ અથવા બાયબેકના કિસ્સામાં ઓફર મેળવવી.
- સામાન્ય સભાઓ (જનરલ મીટિંગ્સ)માં ભાગ લેવો/મતદાન કરવું
- કંપનીની રજિસ્ટર્ડ ઓફિસે સ્ટેચ્યુટરી રજિસ્ટર્સ તપાસવાં.
- જનરલ મીટિંગ્સની મિનિટ્સ બુક્સ તપાસવી અને તેની નકલો મેળવવી.
- છેતરપિંડી કરનારી અને રોકાણકારોનું અહિત કરનારી કંપનીઓ સામે ફરિયાદ કરવી અને ફરિયાદનું નિરાકરણ મેળવવું.
- કંપની દોષી હોય તો દીવાની અથવા ફોજદારી કાર્યવાહી દ્વારા કંપની સામે પગલાં લેવા.
- કંપનીને સમેટી લેવામાં આવે તો તેની મિલકતોના વેચાણ દ્વારા થયેલી બાકી રકમમાંથી હિસ્સો મેળવવો.

**ડિબેન્ચરધારક તરીકેના અધિકાર**

- નિર્ધારિત સમયની અંદર વ્યાજ/મુદ્દલ રકમ પરત મેળવવી
- વિનંતી કરવા પર ટ્રસ્ટ ડીડની નકલ મેળવવી.
- પાકતી તારીખે (મેચ્યોરિટી)ના રોજ ડિબેન્ચરના રિડમ્પશનમાં ડિફોલ્ટ થાય તો સીએલબી સમક્ષ અરજી કરવી.
- કંપની તેનું દેવું ચૂકવવામાં નિષ્ફળ જાય તો કંપનીને સમેટી લેવા માટેની અરજી કરવી.
- ફરિયાદોના નિરાકરણ માટે ડિબેન્ચર ટ્રસ્ટીનો સંપર્ક સાધવો.

**સિક્યુરિટીઝ ખરીદદાર/વેચનાર તરીકેના અધિકાર**

- શ્રેષ્ઠ ભાવ મેળવવાનો
- ચાર્જ કરાયેલા ભાવ/બ્રોકરેજનો પુરાવો
- સમયસર નાણાં/શેરો
- બ્રોકર, ડિપોઝિટરી વગેરે પાસેથી ખાતાનો ઉતારો (એકાઉન્ટ્સ સ્ટેટમેન્ટ)

**સિક્યુરિટીઝના ખરીદદાર/વેચનાર તરીકે જવાબદારીઓ**

- બ્રોકર, ડિપોઝિટરી વગેરે સાથે યોગ્ય કરારો કરવા
- યોગ્ય કોન્ટ્રેક્ટ નોટ ધરાવવી
- સમયસર ચુકવણી કરવી.
- સમયસર શેરોની ડિલિવરી આપવી

**નીચેનાં કૃત્યો સામે ફરિયાદ કરવાના હકો**

- છેતરામણા ભાવો
- ગેરવાજબી બ્રોકરેજ
- નાણાં કે શેરો મેળવવામાં વિલંબ

**એક રોકાણકાર તરીકે તમારી નીચે મુજબની જવાબદારી છે**

- માહિતગાર રહેવું
- સાવધ રહેવું
- વ્યક્તિગત કે સમૂહ તરીકે તમારા અધિકારોનો ઉપયોગ કરવો.

---

# શું કરવું અને શું ન કરવું ?

## પ્રાઈમરી માર્કેટ

***આ કરો***

☐ નીચેની બાબતો પર ખાસ ધ્યાન આપીને પ્રોસ્પેક્ટ્સ/એબ્રીજ્ડ (સંક્ષિપ્ત) પ્રોસ્પેક્ટ્સ કાળજીપૂર્વક વાંચો

  ☐ જોખમી પરિબળો
  ☐ પ્રમોટર્સની પાર્શ્વભૂમિ
  ☐ કંપનીનો ઈતિહાસ
  ☐ અનિર્ણિત મુકદ્દમાઓ અને ડિફોલ્ટો
  ☐ ફાઈનાન્સિયલ સ્ટેટમેન્ટ્સ
  ☐ ઈશ્યુનો હેતુ
  ☐ ઈશ્યુ પ્રાઈસનો આધાર
  ☐ અરજી કરવા માટેની સૂચનાઓ

☐ કોઈ શંકાઓ/સમસ્યાઓ હોય તો ઓફર ડોક્યુમેન્ટમાં જેમનું નામ હોય એ કમ્પલાયન્સ ઓફિસરનો સંપર્ક સાધો

☐ જો તમને યોગ્ય સમયગાળામાં ડિમેટ એકાઉન્ટમાં ક્રેડિટ ન મળે અથવા એપ્લિકેશન મની (અરજી સાથે મોકલેલાં નાણાં) ન મળે તો ઈશ્યુઅર કંપનીના કમ્પ્લાયન્સ ઓફિસર પાસે તથા ઈશ્યુ પછીના (પોસ્ટ ઈશ્યુ) લીડ મેનેજર પાસે ફરિયાદ નોંધાવો.

***આ ન કરો***

☐ ઈશ્યુઅર અથવા બીજા કોઈ દ્વારા આપવામાં આવેલા કોઈ પણ ખાનગી કે જાહેર વચનથી દોરવાઈ જશો નહીં.

☐ માર્કેટ ઈન્ડેક્સની પ્રવર્તમાન તોફાની તેજી અથવા એ જ ઉદ્યોગમાંની બીજી કંપનીઓની સ્ક્રિપ્સની તેજી અથવા ઈશ્યુઅર કંપની/ગ્રુપ કંપનીઓની સ્ક્રિપ્સની તેજીના આધારે જ રોકાણ કરશો નહીં.

☐ લિસ્ટિંગ થયા પછી અને કાયમ માટે ઈશ્યુઅર કંપનીના શેરોના ભાવ વધશે જ એવી અપેક્ષા રાખશો નહીં.

# સેકન્ડરી માર્કેટ

***આ કરો***

- ☐ રોકાણ કરતાં પહેલાં કંપનીની વિશ્વસનીયતા, તેના મેનેજમેન્ટ, તેના ફંડામેન્ટલ્સ અને તેમના દ્વારા તાજેતરમાં કરાયેલી ઘોષણાઓ તથા વિવિધ રેગ્યુલેશન્સ હેઠળ જાહેર કરાયેલી બીજી માહિતીઓ કૃપા કરીને ચકાસી લેજો. એક્સચેન્જો અને કંપનીઓની વેબસાઈટ્સ, ડેટા વેન્ડર્સના ડેટાબેઝ, બિઝનેસ ન્યૂઝપેપર્સ અને મેગેઝીન્સ વગેરે આવી માહિતીના સ્રોતો છે.
- ☐ તમારી જોખમ લેવાની ક્ષમતાને અનુરૂપ ટ્રેડિંગ/ઈન્વેસ્ટમેન્ટ વ્યૂહો અપનાવો, કારણ કે તમામ રોકાણો અમુક જોખમ ધરાવતાં જ હોય છે, જેની માત્રા તમે કેવો રોકાણ વ્યૂહ અપનાવો છો એ પ્રમાણે જુદી જુદી હોય છે.
- ☐ રોકાણનો નિર્ણય લેતાં પહેલાં ઈન્વેસ્ટમેન્ટના જોખમ-વળતરની રૂપરેખા તથા પ્રવાહિતા અને સલામતીનાં પાસાંની આકારણી કરી લો.
- ☐ સેબી દ્વારા માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્સચેન્જો મારફતે જ ટ્રાન્ઝેક્શન કરો
- ☐ સેબીમાં નોંધાયેલા બ્રોકર/સબ-બ્રોકરો મારફતે જ વ્યવહાર કરો.
- ☐ બ્રોકર પાસે ખાતું ખોલાવવા માટેની તમામ ઔપચારિકતાઓ કાળજીપૂર્વક વાંચો અને પૂરી કરો (ક્લાયન્ટ રજિસ્ટ્રેશન, ક્લાયન્ટ-ટ્રેડ મેમ્બર એગ્રીમેન્ટ વગેરે).
- ☐ 'નો યોર ક્લાયન્ટ' એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરો.
- ☐ તમારા બ્રોકર/સબ-બ્રોકર/ડીપીને સ્પષ્ટ સૂચનાઓ આપો.
- ☐ દરેક ટ્રાન્ઝેક્શન માટે કોન્ટ્રેક્ટ નોટનો આગ્રહ રાખો અને કોન્ટ્રેક્ટ નોટ મળ્યા પછી તરત જ એમાંની વિગતો ચકાસી જુઓ. જો શંકા જાય તો તમારા વેપારની વિગતો એક્સચેન્જની વેબસાઈટ પર ઉપલબ્ધ વિગતો સાથે ક્રોસ ચેક કરો.
- ☐ જરૂરી માર્જિન્સ સૂચિત સમયની અંદર ભરી દો.
- ☐ વેચાણ કર્યું હોય તો નિર્ધારિત સમયમાં શેરો/ડિપોઝિટરી સ્લિપ ડિલિવર કરો અને ખરીદી કરી હોય તો નાણાં ચૂકવી દો.
- ☐ માત્ર અધિકૃત વ્યક્તિને જ બ્રોકરેજ/પેમેન્ટ્સ/માર્જિન્સ વગેરે ચૂકવો.
- ☐ માર્જિન પેટે જમા કરાવેલ કોલેટરલ માટે રસીદ મેળવો.
- ☐ તમારા ડીપી પાસેથી તમને મળે છે એ ટ્રાન્ઝેક્શન અને હોલ્ડિંગ્સ સ્ટેટમેન્ટ્સ બંનેને ચકાસી લો.
- ☐ ડીપી દ્વારા ઈશ્યુ કરાયેલી ડિલિવરી ઈન્સ્ટ્રક્શન સ્લિપ્સ (ડીઆઈએસ) બુક કાળજીપૂર્વક સંભાળો. ડીઆઈએલ નંબરો અગાઉથી છાપેલા હોય અને તમારો એકાઉન્ટ નંબર (ક્લાયન્ટ આઈડી)નો સ્ટેમ્પ અગાઉથી મારેલો હોય એનો આગ્રહ રાખો.
- ☐ જો તમે વારંવાર સોદા ન કરતા હો તો તમારા ડિમેટ એકાઉન્ટમાં જે ફ્રીઝિંગ સુવિધાની જોગવાઈ કરવામાં આવી છે એનો ઉપયોગ કરો.
- ☐ તમામ ઈન્વેસ્મેન્ટ ડોક્યુમેન્ટ્સની નકલો જાળવી રાખો. વ્યવહાર કરતાં પહેલાં તમામ સંબંધિત પ્રશ્નો પૂછો અને તમારી શંકાઓનું સમાધાન કરો.

***આ ન કરો***

☐ કોઈ પણ રોકાણમાં રહેલા સંભવિત જોખમને ધ્યાનમાં લેવાનું ભૂલશો નહીં.

☐ બજાર બહાર સોદા હાથ ધરશો નહીં.

☐ વણનોંધાયેલા મધ્યસ્થીઓ સાથે વ્યવહાર કરશો નહીં.

☐ અવાસ્તવિક વળતર કે ખાતરીપૂર્વકના વળતરનાં વચનોનો ભોગ બનશો નહીં.

☐ સંભળાતી વાતો, અફવાઓ અને ટિપ્સના આધારે રોકાણ કરશો નહીં.

☐ ટ્રેડિંગ વોલ્યુમ્સમાં કે ભાવમાં અચાનક ઉછાળો અથવા મીડિયામાં કોઈ કપંનીની તરફેણ કરાતા આર્ટિકલ્સ/સ્ટોરીઓના આધારે, ફંડામેન્ટલની દૃષ્ટિએ સધ્ધર ન હોય એવી કંપનીઓ (પેની સ્ટોક્સ)ના શેરો ખરીદવા લલચાશો નહીં.

☐ ટોળાને અનુસરો નહીં અને પ્રવાહ સાથે ન રમો.

☐ ટીવી ચેનલ્સ/વેબસાઈટ્સ/એસએમએસ પર આપવામાં આવતી રોકાણ વિષયક સલાહને આંખ મીંચીને અનુસરશો નહીં.

☐ બીજા અગ્રણી રોકાણકારોના દબાણને વશ થઈને રોકાણ કરશો નહીં અથવા પોતાના રોકાણ વિષયક નિર્ણયોમાંથી નફો કરનાર બીજા લોકોના રોકાણ વિષયક નિર્ણયની આંધળી નકલ કરશો નહીં.

☐ બજારની આગાહી કરવાનો પ્રયાસ કરશો નહીં.

☐ સરકારી એજન્સીઓ તરફથી મળેલી મંજૂરીઓ/રજિસ્ટ્રેશન્સ દર્શાવનારી કંપનીઓથી ગેરમાર્ગે દોરવાશો નહીં, કારણ કે એ મંજૂરીઓ બીજા કોઈ હેતુ માટે પણ હોઈ શકે.

☐ કંપનીઓની નાણાકીય કામગીરી વિશેની જાહેરખબરોથી ભરમાઈ જશો નહીં.

☐ કોર્પોરેટ ક્ષેત્રની ગતિવિધિઓ વિશેના મીડિયાના અહેવાલોને આંખ મીંચીને અનસુરશો નહીં, કારણ કે એમાંના કેટલાક ગેરમાર્ગે દોરનારા હોઈ શકે છે.

☐ પોસ્ટ ડેટેડ ચેક્સ દ્વારા તમારા રોકાણોની પુનઃચુકવણી અને વળતરની બાંયધરીથી ગેરમાર્ગે દોરવાશો નહીં.

☐ તમારી શંકાઓ/ફરિયાદોના નિરાકરણ માટે યોગ્ય સત્તાવાળાઓનો સંપર્ક સાધતાં અચકાશો નહીં.

☐ તમારા ડીમેટ એકાઉન્ટની સહી કરેલી કોરી ડીઆઈએસ ખુલ્લામાં ગમે ત્યાં છોડશો નહીં.

☐ સહી કરેલી કોરી ડીઆઈએસ તમારા ડીપી કે બ્રોકરને આપશો નહીં.

## બ્રોકર્સ અને સબ-બ્રોકર્સ સાથે ડીલિંગ (વ્યવહાર)

***આ કરો:***

☐ સેબીમાં રજિસ્ટર્ડ થયેલા બ્રોકર્સ/સબ-બ્રોકર્સ સાથે જ વ્યવહાર કરવો અને બ્રોકર્સ/સબ-બ્રોકર યોગ્ય સેબી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ધરાવે છે કે નહીં એ ચકાસી જુઓ.

☐ તમારા વતી કોણ ઓર્ડર્સ આપશે એ સ્પષ્ટપણે જણાવો અને તમારા બ્રોકર, સબ-બ્રોકરને સ્પષ્ટ અને અસંદિગ્ધ સૂચનાઓ આપો.

☐ કામકાજ શરૂ કરતાં પહેલાં બ્રોકર ક્લાયન્ટ રજિસ્ટ્રેશન ફોર્મ પર સહી કરે એવો આગ્રહ રાખો.

☐ નિયમો અને શરતો સ્પષ્ટપણે નક્કી કરીને તમારા બ્રોકર, સબ-બ્રોકર સાથે એગ્રીમેન્ટ કરો.

☐ સહી કરતાં પહેલાં તમે એગ્રીમેન્ટ અને જોખમ જાહેર કરતો દસ્તાવેજ અચૂક કાળજીપૂર્વક વાંચી જાઓ.

☐ તમે એગ્રીમેન્ટનાં બધાં પાનાં ઉપર સહી અચૂક કરજો અને બ્રોકર કે તેનો અધિકૃત પ્રતિનિધિ એગ્રીમેન્ટનાં બધાં પાનાં ઉપર સહી કરે એ સુનિશ્ચિત કરજો. એગ્રીમેન્ટ પર સાક્ષીઓએ પણ તેમનાં નામ અને સરનામાં આપીને સહી કરવી જરૂરી છે.

☐ ટ્રાન્ઝેક્શનના ૨૪ કલાકની અંદર કરાયેલા ટ્રેડ માટેની કોન્ટ્રેક્ટ નોટ/કન્ફર્મેશન મેમો માટે આગ્રહ રાખો.

☐ તમને અસલ કોન્ટ્રેક્ટ નોટ મળી જાય એટલે બ્રોકર પાસે રાખવાની ડુપ્લિકેટ કોન્ટ્રેક્ટ નોટ/કન્ફર્મેશન મેમો પર સહી કરો.

☐ દરેક સેટલમેન્ટ માટે બિલનો આગ્રહ રાખો.

☐ કોન્ટ્રેક્ટ નોટ પર બ્રોકરનું નામ, ટ્રેડનો સમય અને નંબર, ટ્રાન્ઝેક્શનની કિંમત અને બ્રોકરેજ અલગ રીતે દર્શાવાય એ સુનિશ્ચિત કરજો.

☐ સમયાંતરે સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ્સ મેળવવાનો આગ્રહ રાખો

☐ બ્રોકરના ટ્રેડ નેમમાં જ ચેક/ડ્રાફ્ટ ઈશ્યુ કરજો

☐ પે-આઉટના ૪૮ કલાકની અંદર તમને પેમેન્ટ/ડિલિવરી મળી જાય એ સુનિશ્ચિત કરજો.

☐ તકરાર હોય તો વાજબી સમયની અંદર ઈન્ટરમિડિયરી/સ્ટોક એક્સચેન્જ/સેબીમાં લેખિત ફરિયાદ નોંધાવજો

☐ સ્ટોક એક્સચેન્જ/સેબી દ્વારા ઈશ્યુ કરાતા રૂલ્સ, રેગ્યુલેશન્સ અને સર્ક્યુલર્સથી વાકેફ રહેજો.

☐ તમારા ડિમેટ એકાઉન્ટમાંના તમારા પોર્ટફોલિયોનો નિયમિત ધોરણે ટ્રેક રાખજો.

☐ તમે ખરીદી કરો એ પહેલાં તમારી પાસે નાણાં છે એની ખાતરી કરી લેજો.

☐ તમે વેચો એ પહેલાં તમારી પાસે સિક્યુરિટીઝ છે એની ખાતરી કરી લેજો.

***આ ન કરો:***

☐ અનરજિસ્ટર્ડ બ્રોકર્સ/સબ-બ્રોકર્સ કે બીજા અનરજિસ્ટર્ડ વચેટિયાઓ સાથે વ્યવહાર કરવો નહીં.

☐ કોઈ પણ દસ્તાવેજમાંના નિયમો અને શરતો સંપૂર્ણપણે સમજી લીધા વગર તેનો કોઈ પણ મધ્યસ્થી સાથે અમલ કરશો નહીં.

☐ તમારી ડિમેટ ટ્રાન્ઝેક્શન સ્લીપ બુકનો કબજો કોઈ બ્રોકર/સબ-બ્રોકરના હાથમાં સોંપશો નહીં.

☐ બ્રોકર/સબ-બ્રોકર તમારો ઓળખીતો હોય તો ય સોદાના તમામ દસ્તાવેજો મેળવવાનું ચૂકશો નહીં.

# મ્યુચ્યુઅલ ફંડ્સ

***આ કરો***

☐ રોકાણ કરતાં પહેલાં ઓફર ડોક્યુમેન્ટને કાળજીપૂર્વક વાંચી જવો.

☐ મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ જોખમી નીવડી શકે છે અને તેમાં અચૂક નફો જ થાય એવું જરૂરી નથી એની નોંધ લેજો.

☐ તમારા રોકાણના હેતુ અને જોખમ લેવાની ક્ષમતાના આધારે કોઈ સ્કીમમાં રોકાણ કરવું.

☐ નોંધી લેજો કે એક સ્કીમ કે ફંડની ભૂતકાળની કામગીરી એ સ્કીમ કે ફંડની ભાવિ કામગીરીનો નિર્દેશ નથી આપતી. ભૂતકાળની કામગીરી ભવિષ્યમાં ટકે કે ન પણ ટકે.

☐ તમે જેમાં રોકાણ કર્યું છે એવી સ્કીમ્સની એનએવીનો નિયમિત ટ્રેક રાખો.

☐ તમારા રોકાણ/રિડમ્પશન માટે તમને એકાઉન્ટ સ્ટેટમેન્ટ મળે એની ખાતરી કરી લો.

***આ ન કરો***

☐ કોઈક તમને કમિશન અથવા બીજું કંઈક પ્રોત્સાહન, ભેટ વગેરે આપે છે એટલા ખાતર જ કોઈ સ્કીમમાં રોકાણ કરવું નહીં.

☐ સ્કીમ/મ્યુચ્યુઅલ ફંડના નામથી ભરમાઈ જશો નહીં.

☐ સ્કીમ/ફંડની ભૂતકાળની કામગીરી માત્રથી ભોળવાઈ જશો નહીં કે ભાવિ વળતરના વચનથી ગેરમાર્ગે દોરવાશો નહીં.

☐ રોકાણમાં રહેલા જોખમની નોંધ લેવાનું ભૂલશો નહીં.

☐ તમારી શંકાઓ/ફરિયાદોના નિવારણ માટે યોગ્ય સત્તાવાળાઓનો સંપર્ક સાધતાં અચકાશો નહીં.

☐ એમ્ફી સાથે નોંધાયેલા ન હોય એવા કોઈ પણ એજન્ટ/બ્રોકર ડીલર સાથે વ્યવહાર કરશો નહીં.

## બાયબેક

***આ કરો***

☐ સૂચિત બાયબેક સંબંધિત ખાસ ઠરાવને વિગતવાર વાંચો અને પછી તેના માટે મતદાન કરો

☐ બાયબેકમાં ઓફર કરાયેલા ભાવને છેલ્લા થોડાક મહિનાના બજાર ભાવ સાથે તેમ જ કંપનીની શેરદીઠ કમાણી, બુક વેલ્યુ વગેરે સાથે પણ સરખાવી જોવા અને ત્યાર બાદ જ ઓફર કરાયેલો ભાવ વાજબી છે કે કેમ તે નક્કી કરવું.

☐ શેરો રજૂ કરવા માટેની અરજી કરવા અંગેની સૂચનાઓ કાળજીપૂર્વક વાંચવી.

☐ તમારી અરજી નિર્ધારિત સમયની અંદર કલેક્શન સેન્ટરમાં પહોંચી જાય એ સુનિશ્ચિત કરી લેવું.

☐ ઓફર ઓફ લેટરમાં મંગાવવામાં આવેલા બધા જ દસ્તાવેજ સુપરત કરો

☐ લેટર ઓફ ઓફરમાં દર્શાવેલા માર્ગે (પોસ્ટ/કુરિયર/હેન્ડ ડિલિવરી/ઓર્ડિનરી પોસ્ટ વગેરે) અરજી મોકલો

☐ ટેન્ડર કરાયેલા શેરો માટેની કિંમત બાબતમાં કંપની તરફથી કોઈ પ્રતિસાદ ન મળે તો મર્ચન્ટ બેન્કરનો સંપર્ક સાધો.

☐ કોઈ પણ ફરિયાદ હોય તો લેટર ઓફ ઓફરમાં જણાવાયેલા કમ્પ્લાયન્સ ઓફિસરનો સંપર્ક સાધો.

☐ કંપનીઝ એક્ટનું ઉલ્લંઘન થયું હોય તો રજિસ્ટ્રાર ઓફ કંપનીઝનો સંપર્ક સાધો.

***આ ન કરો:***

☐ એક કરતાં વધુ અરજીઓ મોકલવી નહીં.

☐ અરજી સુવાચ્ય રીતે ભરવાનું ભૂલશો નહીં.

☐ અરજી પત્રમાં છેકછાક કરશો નહીં.

☐ અરજીપત્ર ખોટા સરનામે મોકલશો નહીં.

☐ ઓફર બંધ થયા પછી અરજીપત્ર મોકલશો નહીં.

☐ અરજીપત્રમાં સંપૂર્ણ માહિતી આપવાનું ભૂલશો નહીં.

☐ અરજીપત્ર પર સહી કરવાનું ભૂલશો નહીં.

☐ અરજીપત્રમાં ખોટી/વિરોધાભાસી માહિતી આપશો નહીં.

## ઓપન ઓફર્સ (ટેકઓવર રેગ્યુલેશન્સ હેઠળ)

***આ કરો***

☐ એ સુનિશ્ચિત કરો કે ઓફર સ્વીકારવા અંગેનો નિર્ણય લેતાં પહેલાં તમે તમામ સ્પર્ધાત્મક ઓફરો અને ઓફર/ઓફર પ્રાઈસના રિવિઝન (સુધારા) બાબતમાં વાકેફ હો.

☐ સ્પર્ધાત્મક ઓફરો અથવા ઓફરોના રિવિઝનની વિગતો માટે રાષ્ટ્રીય દૈનિકો/સેબીની વેબસાઈટ જુઓ.

☐ લેટર ઓફ ઓફરમાં દર્શાવ્યા પ્રમાણે ઓફર કાનૂની મંજૂરીને આધીન છે એની નોંધ લેવી.

☐ ઓફર કંપનીના ડિલિસ્ટિંગમાં પરિણમશે કે કેમ તે તપાસી જુઓ.

☐ ડિમેટ શેર્સ બાબતમાં, ઓફર બંધ થતાં પહેલાં સ્પેશિયલ ડિપોઝિટરી એકાઉન્ટમાં ક્રેડિટ મળી છે એની ખાતરી કરી લો.

☐ લેટર ઓફ ઓફરમાં દર્શાવેલા દસ્તાવેજોની હેન્ડ ડિલિવરી માટેનો સમય/દિવસની કાળજીપૂર્વક નોંધ લો.

☐ તમારી સ્વીકૃતિ સુપરત કરતાં પહેલાં ઓફર રિવિઝન માટેની છેલ્લી તારીખ સુધી રાહ જુઓ (એટલે કે ઓફર બંધ થવાની તારીખ પહેલાના ૭ કામકાજી દિવસ).

☐ જો તમે રજૂ કરેલા શેરો પાછા ખેંચી લેવા માગતો હો તો લેટર ઓફ ઓફર સાથેનું ફોર્મ ઓફ વિડ્રોઅલ ઓફર બંધ થવાની તારીખ પહેલાંના ત્રણ કામકાજી દિવસ સુધી કોઈ પણ સૂચિત કલેક્શન સેન્ટરમાં સુપરત કરો.

☐ ફોર્મ ઓફ એક્સેપ્ટન્સ, ટ્રાન્સફર ડીડ, ડિપોઝિટરી ઈન્સ્ટ્રક્શન અને ફોર્મ ઓફ વિડ્રોઅલ પરની સહીઓ એકસરખી હોય અને કંપનીમાં જમા કરાવી હોય એ જ ક્રમમાં હોય એ સુનિશ્ચિત કરો.

☐ ઓફર ડોક્યુમેન્ટ ન મળ્યો હોય તો તમે આવશ્યક વિગતો આપતી અરજી કોરા કાગળ પર કરીને શેરો રજૂ કરી શકો છો અથવા ઓફરમાંથી બહાર નીકળી જઈ શકો છો.

***આ ન કરો :***

☐ ઓફરની તમારી સ્વીકૃતિ સુપરત કરવા માટે ઓફરની છેલ્લી તારીખ સુધી રાહ ન જુઓ.

☐ મોકલવા માટેના ટ્રાન્સફર ડીડમાં ખરીદદાર/ટ્રાન્સફરીની વિગતો ભરશો નહીં.

☐ અધૂરું અરજીપત્રક/અયોગ્ય દસ્તાવેજો ફાઈલ કરશો નહીં.

## કલેક્ટિવ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ્સ (સામૂહિક રોકાણ યોજનાઓ)

***આ કરો***

☐ આ હસ્તી સેબીમાં નોંધાયેલી હોય એની ખાતરી કરી લો.

☐ ઓફર ડોક્યુમેન્ટ કાળજીપૂર્વક વાંચી લો.

☐ સ્કીમનો એપ્રેઈઝલ રિપોર્ટ વાંચી લો.

☐ પ્રોજક્ટના ટકાઉપણાને ચકાસી લો.

☐ પ્રમોટરોની પાર્શ્વભૂમિ/કુશળતા ચકાસી લો.

☐ હસ્તીની મિલકત/એસેટ્સનું ટાઈટલ ક્લીઅર અને વેચાણપાત્ર છે એની ખાતરી કરી લો.

☐ કલેક્ટિવ ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપની (સીઆઈએમસી) સ્કીમના અમલ માટે જરૂરી સ્રોતો ધરાવે છે એની ખાતરી કરી લો.

☐ સ્કીમનું ક્રેડિટ રેટિંગ/મુદત ચકાસી લો.

☐ સ્કીમના વચન અને અગાઉની સ્કીમ્સ (જો કોઈ હોય તો)ની કામગીરી ચકાસી લો.

☐ સીઆઈએમસી દરેક નાણાકીય વર્ષના અંતથી બે મહિનાની અંદર તેના વાર્ષિક અહેવાલની નકલ તમને મોકલે એ સુનિશ્ચિત કરો.

☐ યાદ રાખો કે સેબી રોકાણકારોને વળતરની બાંયધરી આપતું નથી કે નાણાંની પુનઃચુકવણી કરવાનું વચન આપતું નથી.

***આ ન કરો***

☐ સેબીમાં નોંધાયેલી ન હોય એવી સીઆઈએસ હસ્તીમાં રોકાણ કરવું નહીં.

☐ નિર્દેશાત્મક કે ખાતરીબંધના વળતરો અથવા બજારની અફવાઓ/જાહેરખબરોથી ભરમાશો નહીં.

# ડેરિવેટિવ્ઝ

***આ કરો***

☐ એક્સચેન્જોએ બનાવેલા નિયમો, નિયમનો, પેટા-નિયમો અને જાહેરાતો વાંચી જાવ.

☐ સેબીમાં નોંધાયેલા ટ્રેડિંગ મેમ્બર (ટીએમ) અથવા એક્સચેન્જમાં નોંધાયેલા થયેલા ટીએમની અધિકૃત વ્યક્તિ મારફતે જ ટ્રેડિંગ કરો.

☐ અધિકૃત વ્યક્તિ મારફતે વ્યવહાર કરતી વખતે એ સુનિશ્ચિત કરો કે ટીએમ અથવા અધિકૃત વ્યક્તિ દ્વારા જ કોન્ટ્રેક્ટ નોટ ઈશ્યુ કરવામાં આવી હોય.

☐ માત્ર ટીએમને જ બ્રોકરેજ/પેમેન્ટ્સ/માર્જિન્સ વગેરે ચૂકવો.

☐ દરેક સોદા માટે તમને તમારા ટીએમ તરફથી યોગ્ય રીતે સહી કરાયેલી કોન્ટ્રેક્ટ નોટ મળે એવું સુનિશ્ચિત કરો.

☐ માર્જિન પેટે ટીએમ પાસે જમા કરેલી કોલેટરલ માટે રસીદ મેળવો.

☐ ક્લાયન્ટ-ટીએમ એગ્રીમેન્ટની વિગતો વાંચી જાવ.

☐ તમારા તેમ જ ટીએમના અધિકારો અને ફરજો જાણો.

☐ માર્કેટ/માર્જિન કોલ્સમાંની તમારી પોઝિશન્સ સાથે સંકળાયેલાં જોખમથી વાકેફ થાવ.

☐ તમારા ફ્યુચર્સ પોઝિશન્સ પર દૈનિક ધોરણે ટીએમ પાસેથી માર્ક-ટુ-માર્કેટ માર્જિન્સ વસૂલ કરો/ કે ચૂકવો.

***આ ન કરો***

☐ રિસ્ક ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ્સ (જોખમની માહિતી જાહેર કરતા દસ્તાવેજો) વાંચવા અને સમજવા પહેલાં ટ્રેડિંગ શરૂ કરશો નહીં.

☐ કોઈ પણ પ્રોડક્ટ સાથે સંકળાયેલાં જોખમ અને વળતરને જાણ્યા વિના એના સોદા કરશો નહીં.

# ખરીદી પ્રક્રિયા

**પ્રોડક્ટ્સ ક્યાંથી ખરીદવાં ?**

- બ્રોકર્સઃ બ્રોકર્સ ઈક્વિટી, ડેટ અને ડેરિવેટિવ પ્રોડક્ટ્સ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ, આઈપીઓ વગેરેની ખરીદી/વેચાણ જેવી વિવિધ સેવાઓ આપે છે.
- બેંકઃ ઘણી બેંકો ઈક્વિટી, ડેટ અને ડેરિવેટિવ પ્રોડક્ટ્સ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ આઈપીઓ વગેરે ફિઝિકલી તથા તેમની વેબસાઈટ્સ મારફતે ખરીદવા/વેચવા માટેની સુવિધાઓ આપે છે.
- મ્યુચ્યુઅલ ફંડ્સઃ લગભગ તમામ મ્યુચ્યુઅલ ફંડ્સ યુનિટ્સના ઓનલાઈન અને ફિઝિકલ ખરીદી/વેચાણને આસાનપણે સંભવ બનાવે છે.
- ક્લોઝ એન્ડેડ મ્યુચ્યુઅલ ફંડ્સનું ટ્રેડિંગ સ્ટોક એક્સચેન્જોમાં થાય છે અને તે બ્રોકરો મારફતે ખરીદી શકાય છે. ઓપન એન્ડેડ મ્યુચ્યુઅલ ફંડો પણ સ્ટોક એક્સચેન્જના પ્લેટફોર્મ પર ખરીદી/વેચી શકાય છે.

**મૂડીબજારમાં રોકાણકાર બનવા માટેનાં જરૂરી પગલાં**

- પહેલી જરૂરિયાત પેન કાર્ડ છે. તમામ રોકાણકારો માટે તે ફરજિયાત છે.
- બીજી જરૂરિયાતો છે બેંક એકાઉન્ટ અને ડિમેટ એકાઉન્ટ. ડિમેટ એકાઉન્ટ સામાન્યપણે બેંક એકાઉન્ટ સાથે સંકળાયેલું હોય છે, જેથી ભંડોળ અને સિક્યુરિટીઝમાંથી ચુકવણી અને ડિલિવરી આસાનીથી થઈ શકે.
- હવે પછીનું પગલું છે એક બ્રોકરને પસંદ કરવો અને કેવાયસી ફોર્મ ભરવું તથા બ્રોકર-ક્લાયન્ટ એગ્રીમેન્ટ કરવું.
- ત્યાર બાદ બ્રોકર એક યુનિટ ક્લાયન્ટ આઈડી ફાળવે છે, જે ઓળખ તરીકે કામ કરે છે.
- હવે તમે સિક્યુરિટીઝ ખરીદવા/વેચવા તૈયાર છો.

# કયા પ્રકારની હસ્તીનું નિયમન કોણ કરે છે ?

નાણાકીય બજારમાં પ્રવૃત્ત વિવિધ પ્રકારની કંપનીઓ/મધ્યસ્થીઓ સર્વિસ પૂરી પાડનારાઓની યાદી અહીં આપવામાં આવી છેઃબીજી કોલમમાં સંબંધિત નિયામક જણાવ્યા છે.

| હસ્તીનો પ્રકાર | નિયામક સંસ્થા |
|---|---|
| ઓડિટર્સ | આઈસીએઆઈ/સીએજી |
| બેંકો | આરબીઆઈ |
| બેંકો-ઈશ્યુ કલેક્શન | સેબી |
| ચિટ ફંડ્સ | રજિસ્ટ્રાર ઓફ ચિટ ફંડ્સ |

| | |
|---|---|
| કલેક્ટિવ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ્સ | સેબી |
| કંપનીઓ-તમામ | એમસીએ/આરઓસી |
| કંપનીઓ-લિસ્ટેડ | એમસીએ/આરઓસી/સેબી/એસઈ |
| કંપની સેક્રેટરીઝ | આઈસીએસઆઈ |
| કો-ઓપરેટિવ બેંકો | આરબીઆઈ |
| કોસ્ટ એકાઉન્ટન્ટ્સ | આઈસીડબ્લ્યુએઆઈ |
| ક્રેડિટ રેટિંગ એજન્સીઓ | સેબી |
| કસ્ટોડિયલ સર્વિસીઝ | સેબી |
| ડિબેન્ચર ટ્રસ્ટીઝ | સેબી |
| ડિપોઝિટરીઝ | સેબી |
| ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ | સેબી/એનએસડીએલ/સીડીએસએલ |
| ફોરેન ઈન્વેસ્ટમેન્ટ ઈન્સ્ટિટ્યૂશન્સ | સેબી |
| હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ | એનએચબી |
| ઈન્શ્યુરન્સ બ્રોકર્સ/એજન્ટ્સ | આઈઆરડીએ (ઈરડા) |
| ઈન્શ્યુરન્સ કંપનીઓ | આઈઆરડીએ (ઈરડા) |
| ઈન્વેસ્ટમેન્ટ બેન્કર્સ (મર્ચન્ટ બેન્કર્સ) | સેબી |
| ઈન્વેસ્ટર એસોસિયેશન્સ | સેબી |
| મીડિયા (અખબારો, સામયિકો, ટીવી) | એમઆઈબી |
| મ્યુચ્યુઅલ ફંડ્સ અને એસેટ મેનેજમેન્ટ કંપનીઓ | સેબી |
| મ્યુચ્યુઅલ ફંડ બ્રોકર્સ/એજન્ટ્સ | એમ્ફી/સેબી |
| નોન-બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ | આરબીઆઈ |
| નિધિ કંપનીઓ | એમસીએ |
| પ્લાન્ટેશન કંપનીઓ | સેબી |
| પોર્ટફોલિયો મેનેજર્સ | સેબી |
| રજિસ્ટ્રાર્સ અને શેર ટ્રાન્સફર એજન્ટ્સ | સેબી |
| સ્ટોક બ્રોકર્સ | સેબી/એસઈ |
| સ્ટોક એક્સચેન્જો | સેબી |
| સબ-બ્રોકર્સ | સેબી |
| વેન્ચર કેપિટલ ફંડ્સ | સેબી |

# એક્નોલેજમેન્ટ્સ અને ડિસ્ક્લેઈમર

**એક્નોલેજમેન્ટ્સ**

આ વાંચનસામગ્રી મુખ્યત્વે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ (www.mca.gov.in) ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (www.iepf.gov.in), સેબી (www.sebi.gov.in), એનએસઈ (www.nseindia.com), બીએસઈ (www.bseindia.com), એમસીએક્સ-એસએક્સ (www.mcx-sx.com) અને પ્રાઈમ ડેટાબેઝ (www.primedatabase.com)ની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી પરથી અને આઈસીએઆઈ, આઈસીએસઆઈ અને આઈસીડબ્લ્યુએઆઈએ તૈયાર કરેલી વાંચનસામગ્રી પરથી તૈયાર કરવામાં આવી છે/સંકલિત કરાઈ છે/લેવામાં આવી છે.

**ડિસ્ક્લેઈમર**

અહીં આપવામાં આવેલી માહિતી શુદ્ધપણે માહિતીનો પ્રચાર-પ્રસાર કરવા માટે અને મૂડીબજારનાં વિવિધ પાસાં વિશે રોકાણકારોમાં જાગૃતિ લાવવા માટે છે. આ વાચનસામગ્રીની તૈયારી/સંકલનમાં ભલે યોગ્ય કાળજી-તકેદારી લેવામાં આવી હોય, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ અથવા સંપાદક અથવા આ વાંચનસામગ્રીનું વિતરણ કરનાર સંસ્થાઓ આ વાંચનસામગ્રીના આધારે કોઈ વ્યક્તિ દ્વારા લેવાનારા કોઈ પણ નિર્ણય કે પગલાંમાંથી ઉદ્‌ભવનારી કોઈ પણ ખોટ કે નુકસાન માટે જવાબદાર રહેશે નહીં.

એ વાતની પણ નોંધ લેવી રહી કે મૂડીબજારનું નિયમન કરનારા કાયદાઓ/રેગ્યુલેશન્સ સતત બદલાતા રહે છે, એમાં સુધારો થતો રહે છે અને તેથી રોકાણકારે સંબંધિત વેબસાઈટ્સની મુલાકાત લઈને અથવા સંબંધિત નિયમનકારી સંસ્થાનો સંપર્ક સાધીને છેલ્લામાં છેલ્લા કાયદાઓ/રેગ્યુલેશન્સથી વાકેફ થવું જોઈએ.